આજનો સુવિચાર

શિક્ષણ એટલે જાણવું, શીખવુ, અને આચરણમાં લાવવું

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૫ જૂનાગઢ તા.૨૮-૮-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 215, Junagadh : Date : 28 August, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay







# હરીયાણાનાં નુહમાં મંજુરી વગર શોભાયાત્રા યોજવા વિહીપ મક્કમ : અભેદ્ય કિલ્લેબંધી

## વિશ્વ હિન્દુ પરીષદ આયોજીત બ્રજમંડલ જલાભિષેક યાત્રાને મંજુરી આપવાનો તંત્રનો ઈન્કાર : નુહ - મેવાતમાં સ્થિતિ અત્યંત સ્ફોટક

નુહ તા. ૨૮ હરીયાણાનાં નુહ અને મેવાત વીસ્તારમાં ભારેસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. આજે શ્રાવણ માસનો સોમવાર હોય, હરીયાણા વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા નુહ શહેરમાં આવેલ શિવમંદિરે જલાભિષેક કરાવાનો કાર્યક્રમ યોજવાની જાહેરાત કરેલ છે અને બ્રજમંડલ જલાભિષેક યાત્રા યોજવાની જાહેરાત કરી છે પરંતુ હરીયાણા પોલીસ અને તંત્રએ આ યાત્રા યોજવાની મંજુરી આપવાનો ઈન્કાર કરી દીધો છે અને કાયદો - વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા સમગ્ર નુંહ અને મેવાતમાં લોખંડી કિલ્લેબંધી કરવામાં આવી છે. નુહ સહિત અનેક જીલ્લામાં સીઆરપીસી - ૧૪૪ લાગુ કરવામાં આવી છે.

અર્ધલશ્કરીદળો તૈનાત કરવામાં આવ્યા છે તેમજ નુંહ સ્થિત શિવમંદિરમાં બહારનાં કોઈપણ લોકોને પ્રવેશ કરી શકશે નહી, ફકત સ્થાનિક લોકો જ મંદિરમાં જઈ શકશે. જયારે બીજી તરફ વિશ્વ હિન્દુ પરીષદે એવી જાહેરાત કરી છે કે, તે કોઈપણ સંજોગોમાં યાત્રા યોજીને જ રહેશે. આમ જલાભિષેક યાત્રા મામલે નુહમાં સ્થિતિ સ્ફોટક બની ગઈ છે.

તંત્રએ આ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દીધી છે. ગુરુગ્રામ,રેવાડી, ફરીદાબાદ વગેરે પાડોશી જિલ્લાઓમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. નૂહની તમામ સરહદોને સીલ કરી દેવામાં આવી છે જેથી બીજા કોઈપણ બહારના લોકો અહીં આવી શકે નહી. બીજી બાજુ હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલખટ્ટરે લોકોને અપીલ કરી હતી કે સાવનના શ્રાવણ માસનાં સોમવારે લોકો તેમના ઘરે જ ભગવાન ભોલેનાથના મંદિરે જઈને જ પ્રાર્થના અને જળાભિષેક વગેરે કરે. કાયદો વ્યવસ્થા જાળવી રાખવાની જવાબદારી સૌ કોઈની છે. કોઈપણ વ્યક્તિ એવું ના કરે કે જેનાથી કાયદો વ્યવસ્થામાં અવરોધ આવે અને લોકોને તકલીફ પડે.

પોલીસની ૧૦અને અર્ધસૈનિક દળોની ૨૦ કંપનીઓ પહેલાથી જ અહીં તહેનાત છે. બે હજાર વધારાના પોલીસ કર્મીઓને પણ ખડે પગે રખાયા છે. તમામ નાકા પર રેપિડ એક્શન ફોર્સ તથા પોલીસની મહિલા ટુકડી તહેનાત રહેશે. બીજા જિલ્લાઓને પણ શાંતિ જાળવી રાખવાની અપીલ કરાઈ છે અને નૂહ સાથેની સરહદોને સીલ કરવામાં આવી છે.

# ૯ - ૧૦ સપ્ટેમ્બરનાં રોજ દિલ્હીમાં G-20 શિખર પરીષદ : ૧૯ દેશોનાં રાષ્ટ્રાધ્યક્ષો દિલ્હી આવશે

## શિખર પરીષદ માટે દિલ્હીને નવોઢાનો શણગાર :વ્યાપક તૈયારીઓ : દિલ્હીમાં ૮ થી ૧૦ સપ્ટેમ્બર સુધી કોઈ કાર્યક્રમ નહી યોજાય : શાળા-કોલેજો, સરકારી કચેરીઓ બંધ રહેશે : આઈપીએસ કક્ષાનાં ૫૦૦ અધિકારીઓને સુરક્ષાની જવાબદારી સોંપાઈ

નવી દિલ્હી તા. ૨૮ આગામી તા.૯-૧૦ના રોજ દિલ્હીમાં મળનારી જી-૨૦ દેશોની શિખર પરિષદમાં અમેરિકા-ફ્રાન્સ, જર્મની,ચીન, બ્રિટન સહિતના ૧૯ દેશો અને યુરોપીયન યુનિયનના દેશોના રાષ્ટ્રવડાઓ તથા તેમના પ્રતિનિધિઓ હાજર રહેવાના હોવાથી તેમના નિવાસ માટે આલીશાન હોટેલો તથા પરિવહન માટે વૈભવી ગાડીઓ સહિતની તૈયારીઓ થઈ રહી છે તથા દિલ્હીને પણ નવોઢાની જેમ સ્વર્ગના પાટનગર જેમ શણગારવામાં આવી રહ્યું છે.

તા.૮થી૧૦ સપ્ટેમ્બર સુધી દિલ્હીમાં જી-૨૦ સિવાય કોઈ સમારોહ યોજાશે નહી અને શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. સરકારી કચેરીઓમાં જી-૨૦ના રૂટ તથા આસપાસની કચેરીઓ લગભગ બંધ રહેશે તથા દક્ષિણ અને ઉત્તર દિલ્હીનો ટ્રાફીક પણ અનેક માર્ગો પર બંધ રહેશે.

જી-૨૦ની બેઠકો જયાં મળનાર છે તે ભારત મંડપમ (પ્રગતિ મેદાન)ને રોશનીથી ચકાચોંધ કરી દેવામાં આવ્યું છે. ભારતના પરંપરાગત 'વસુધૈવ-કુટુંબકમ' ના મંત્રને વન અર્થ વન ફેમીલી વન ફયુચર તરીકે રજુ કરાયું છે. દિલ્હીમાં જી-૨૦ના માર્ગો તથા આસપાસના ક્ષેત્રોને શણગારવામાં ૬.૭૫લાખ ફુલોના વિશાળ કુંડાઓ ગોઠવવામાં આવી રહ્યા છે તથા માર્ગો પર રંગરોગાન થઈ રહ્યા છે.

દિલ્હી ગેટ- રાજદ્વાર તથા આસપાસના ક્ષેત્રોનો કદી શણગારવામાં નથી આવ્યા. દિલ્હી દિલ્હીના ઉપરાજયપાલ વી.કે.સકસેના આ તમામ વ્યવસ્થા પર નજર રાખી રહ્યા છે. દરેક કેન્દ્રીય તથા દિલ્હીની એજન્સીઓને અલગ અલગ જવાબદારી સોપવામાં આવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન સહિત વિશ્વના ટોચના દેશોના રાષ્ટ્રવડાઓ તથા તેમની સાથે ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિમંડળ દિલ્હી આવી રહ્યું છે તેની સુરક્ષા વ્યવસ્થા શ્રેષ્ઠ સ્તરની ગોઠવવામાં આવી છે. આ દેશોના રાષ્ટ્રવડાઓ તેમની ખુદની સુરક્ષા ટીમો સાથે દિલ્હી આવશે. અમેરિકાના પ્રમુખ જો બાઈડન સહિતના રાષ્ટ્રવડાઓની સુરક્ષા તથા ડિપ્લોમેટીક એડવાન્સ ટીમોનું આગમન શરૂ થઈ ગયું છે.

તો વિદેશી સુરક્ષા ટીમો સાથે સંકલન કરવા ૫૦૦થી વધુ આઈપીએસ કક્ષાના અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે તો પ્રગતિ મેદાન અને તેની આસપાસના સ્થળો પર ૧૦૦ ફેસ-રકગ્નાઈઝેશન કેમેરા ગોઠવાયા છે તથા સમગ્ર એરીયામાં ખાસ કમાન્ડો ટીમો પણ ગોઠવાશે. દિલ્હીની જે જે ફાઈવસ્ટાર સહિતની હોટેલોમાં વિદેશી મહાનુભાવો ઉતરવાના છે.

# કોટામાં વધુ બે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરતા ખળભળાટ

## ચાલુ વર્ષે ૨૩ વિદ્યાર્થીઓએ જીવન ટુંકાવ્યું

જયપુર તા. ૨૮ રાજસ્થાનના કોટા શહેરમાં વિદ્યાર્થીઓના મોતનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. ગઈ કાલે NEETની પરીક્ષાની તૈયારી કરી રહેલા બે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચી ગયો હતો.

આ વિદ્યાર્થીઓના મૃત્યુની ગંભીરતાને જોતા જિલ્લા કલેક્ટરે આદેશ જારી કર્યો છે, જે મુજબ કોટામાં કોઈ પણ કોચિંગ સેન્ટરમાં આગામી બે મહિના સુધી પરીક્ષાઓ યોજશે નહીં. વિદ્યાર્થીઓની માનસિક સહાય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે ૨ વિદ્યાર્થીઓના મોત બાદ કોટામાં આ વર્ષે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩ થઈ ગઈ છે. ગયા વર્ષે તેની સંખ્યા ૧૫ હતી. ઓગસ્ટ મહિનામાં જ કોટાના ૭ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. કોટામાં વિદ્યાર્થીઓના આત્મહત્યાના સતત વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે હોસ્ટેલમાં ઘણા ફેરફાર કર્યા છે.

હોસ્ટેલ માલિકોનું કહેવું છે કે આ ખૂબ જ દુઃખદ ઘટનાઓ છે અને તેનાથી બચવા માટે આવા પગલા લેવા ખૂબ જરૂરી છે. દર વર્ષે બે લાખથી વધુ વિદ્યાર્થીઓ JEE અને NIT જેવી પરીક્ષાઓની તૈયારી માટે કોટા જાય છે. બાળકો કોઈ ખોટું પગલું ન ભરે તે માટે હોસ્ટેલની તમામ લોબી અને બાલ્કનીઓમાં મોટી જાળીઓ લગાવવામાં આવી છે.

## જી-૨૦ શિખર પરીષદમાં અમેરીકા-૭૫, ચીન-૪૬ વાહનો લાવશે

નવી દિલ્હી,તા. ૨૮ : ૧૯ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો, યુરોપિયન યુનિયન અને અન્ય કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ૭ સપ્ટેમ્બરે G20 નેતાઓની સમિટ માટે નવી દિલ્હી આવી રહયું છે.

અમેરિકાએ ૭૫-૮૦ વાહનો લાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, ત્યારે ચીને કહ્યું કે તે ૪૬ વાહનો લાવશે. સૂત્રોએ જણાવ્યું કે આ બે દેશો સિવાય તુર્કી, યુએઈ, યુરોપિયન યુનિયન અને ફ્રાંસના પ્રતિનિધિઓ પણ તેમની કાર લાવવાની યોજના બનાવી રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ કાફલાઓને કારણે થતી અસુવિધાને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે પ્રસ્તાવ મૂક્યો છે કે યુએસ અને ચીન વાહનોની સંખ્યામાં ઘટાડો કરે જેના પગલે વિદેશ મંત્રાલયે મહેમાન દેશોને જાણ કરી છે. સૂત્રોએ જણાવ્યું કે ઘણી ચર્ચાઓ બાદ અમેરિકા ૬૦ વાહનો પર સહમત થયું જયારે ચીન સાથે હજુ ચર્ચા ચાલી રહી છે.પરંતુ દેશોએ વાહનોની સંખ્યા ઘટાડવી જોઈએ - ૭૫-૮૦ વાહનોમાંથી યુએસને ૨૫ અને ચીનને લગભગ ૨૦ વાહનોની જરૂર છે.

# બજારમાં ચંદ્રયાન અને ઈસરોની રાખડીઓનું ધૂમ વેચાણ

નવી દિલ્હી,તો.૨૮ રક્ષાબંધનના તહેવારોને લઈને બજારોમાં હાલ રાખડીઓ વસંત ખીલી ઉઠી છે. તાજેતરમાં ભારતના ચંદ્રયાન-૩ એ ચંદ્ર પર સફળ લેન્ડીંગ કર્યા બાદ બજારમાં ચંદ્રયાન અને ઈસરોવાળી રાખડીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે.

દિલ્હીની બજારોમાં કોલકળા, અમદાવાદ અને રાજસ્થાનની રાખડી છવાઈ ગઈ છે. રૂા.૨ થી માંડીને ૪૦૦ રૂપિયા સુધી રાખડી છવાયેલી છે. આ વખતે સ્ટોન, કુંદન, ડાયમંડ, રેશમની રાખડીઓની સૌથી વધુ માંગ છે. આ સિવાય બાળકોને કાર્ટુનવાળી રાખડી ખૂબ પસંદ આવી રહીછે. આ વખતે નાની અને ડિઝાઈનર રાખડીઓ ઘણી પસંદ કરવામાં આવી રહી છે. દિલ્હીની સદર બજારમાં જોડી (ભાઈ-બહેનની)વાળી રાખડીનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જેની કિંમત ૫૦ રૂપિયા છે. આ રાખડી અમદાવાદથી બનીને આવી છે.

ચંદ્ર પર ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણ બાદ હવે બજારોમાં ચંદ્રયાનવાળી રાખડીની પણ ભારે ડિમાન્ડ છે. તેની કિંમત હોલસેલમાં ૨૦ રૂપિયાથી માંડીને ૫૦ રૂપિયા છે. ખાસ વાત એ છે કે ચંદ્રયાનની સાથે જ ઈસરો અને વડાપ્રધાનનો ફોટોવાળી રાખડી પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. આ વખતે અયોધ્યાવાળી રાખડી પણ લોકો ખૂબજ પસંદ કરી રહ્યા છે, તે મૌલી ધાગા અને અમેરિકન સ્ટોનમાંથી બનેલી છે. તેમાં ભગવાન રામના ધનુષ સાથે રાખડી બંધાયેલી છે. તેની કિંમત ૧૨૦ રૂપિયા છે.


## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગીઅને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



## HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE

**ડો. દિપક ચુડાસમા** MBBS, PGDM, PhD Scholar, કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ

**ડાયાબીટીસ કલીનીક**

**ડો. નિશિતા ચુડાસમા** BPT, MPT ortho. PhD Scholar, કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ

**હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.**
- ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
- ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
- ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
- ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.

**ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...**
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા

હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં ફુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે

**કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦**

**રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪**

બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ

# ગુજરાતના ગૌરવસમા મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગોળમેજી પરિષદના પ્રતિનિધિઓ સાથે જોડાયા






## જી-૨૦ના પ્રતિનિધિઓ મોઢેરા સૂર્યમંદિરના શિલ્પ-સ્થાપત્ય, કલા તેમજ લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોથી પ્રભાવિત થયા : જી-૨૦ મુખ્ય વિજ્ઞાન સલાહકારોની બીજી ગોળમેજી પરિષદના પ્રતિનિધિઓએ મોઢેરા સૂર્યમંદિર અને સુજાણપુરા સોલાર પાવર ઉત્પાદન અને સંગ્રહ પ્રોજેક્ટની મુલાકાત લીધી

(પ્રતિનિધિ દ્વારા)

મહેસાણા તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ પ્રયાસોથી ભારતના યજમાનપદે જી-૨૦ની વિવિધ બેઠકો દેશમાં યોજાઈ રહી છે. જે ભારત માટે ગૌરવની ક્ષણ છે. બેઠકોની આ શૃંખલામાં દિનાંક ૨૭ થી ૨૯ ઓગષ્ટ દરમ્યાન ચીફ સાયન્ટિફિક એડવાઈઝર્સની બીજી બેઠક યોજાઈ રહી છે. જી-૨૦ ના મુખ્ય વિજ્ઞાન સલાહકારોની બીજી ગોળમેજી પરિષદની બેઠકના પ્રથમ દિવસે પ્રતિનિધિઓએ સુજાણપુરા સોલર પ્લાન્ટ અને મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી. મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત પ્રસંગે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય વિજ્ઞાન સલાહકારોના પ્રતિનિધિઓ સાથે જોડાયા હતા અને વિચાર વિમર્શ કર્યો હતો. પ્રતિનિધિઓએપ્રસિધ્ધ મોઢેરાના સૂર્યમંદિરની મુલાકાતમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યો હતો. આ ઉપરાંત મોઢેરાનાં શિલ્પ સ્થાપત્ય અને કલાથી આ ડેલીગેશન અભિભૂત થયું હતું. જી-૨૦ ના પ્રતિનધિઓને મંદિરના મહત્વ અને અને તેની વિશેષતાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં અપાયેલ વૈદિક કાળથી સૂર્યની ઉત્પત્તિ તેમજ પ્રવર્તમાન સમયમાં વિવિધ ક્ષેત્રોમાં મનુષ્યના જીવનમાં સૂર્યનો પ્રભાવ તેમજ વિશ્વભરમાં સૂર્યનું મહત્વ અને વિશેષતા અંગેના વિડીયોથી ઉપસ્થિત મહાનુભાવો અત્યંત પ્રસન્ન અને પ્રભાવિત થયા હતા. મહેસાણાથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલું સુપ્રસિધ્ધ મોઢેરા સૂર્યમંદિર ગુજરાતને સોલંકી યુગના શાસનની સ્વર્ણિમ યશોગાથાની ઝાંખી કરાવે છે. સોલંકીયુગના આ સૂર્યમંદિરના ગર્ભગૃહમાં સંવત ૧૦૮૩નો શિલાલેખ કંડારાયેલો છે. જેના ઉપરથી કહી શકાય છે કે ઈ.સ.૧૦૨૭માં આ મંદિર બંધાયું હશે. પૌરાણિક સમયમાં મોઢેરા તીર્થસ્થાન ગણાતું હતું. આ સૂર્યમંદિર હાલ ગર્ભગૃહ, રંગમંડપ, ગૂઢમંડપ સાથે શિખર વગર ઉભું છે. આ ત્રણેય પરિસરની કુલ લંબાઈ લગભગ ૧૪૫ ફુટ છે. ગર્ભગૃહ અને ગૂઢમંડપ બંને ૭૦ ફુટ લંબાઈ અને ૫૦ ફુટ પહોળાઈમાં છે. ગર્ભગૃહ છ માળનું હશે તેમ મનાયછે. અહીં ૧૭૬ ફુટ લાંબો અને ૨૦ ફુટ પહોળો સૂર્યકુંડ છે. આ સૂર્યકુંડ પણ કલાત્મક કોતરણીથી સુશોભિત છે. સૂર્યમંદિરની સામે જ રંગમંડપ છે. તે ગૂઢમંડપ કરતા એક ફુટ નીચો છે. રંગમંડપો અદભુત શિલ્પ કોતરણીથી કંડારાય છે અને તેથી જ જીવંત લાગતી આ કલાકૃતિ દર્શનીય છે. બેનમૂન કલાકૃતિથી શોભાતું આ સૂર્યમંદિર વાતાવરણને સૂર્યમય અને સોનેરી બનાવી મુકે છે. આ ઉપરાંત દર વર્ષે યોજાતા ઉત્તરાર્ધ મહોત્સવની માહિતીથી પણ અતિથિઓને વાકેફ કર્યા હતા. મોઢેરા સૂર્ય મંદિર ખાતે દેશની અપ્રતિમ સફળતાની ચંદ્રયાનની કૃતી રજૂ કરાઈ હતી જેને પ્રતિનિધિ મંડળ દ્વારા રસપૂર્વક નિહાળી હતી. મુખ્યમંત્રી સાથે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિત પદાધિકારીઓ જોડાયા હતા. આ પ્રસંગેજી-૨૦ના સભ્ય દેશો ઉપરાંત વિશેષ આમંત્રિત દેશોના પ્રતિનધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જી-૨૦ના દેશોમાં આર્જેન્ટીયા, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ચાઈના, ઈયુ, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશીયા, ઈટાલી, જાપાન, રિપબ્લિક ઓફ કોરીયા, રશીયન ફેડરેશન, સાઉદી અરેબીયા, સાઉથ આફ્રિકા, યુનાઈટેડકિંગડમ, યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરીકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આમંત્રીત દેશોમાં બાંગ્લાદેશ, ઓમાન, નેધરલેન્ડ અને નાઈજેરીયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આંતર રાષ્ટ્રીય સંસ્થાઓમાં વિશ્વઆરોગ્ય સંસ્થા અને યુનેસ્કોના પ્રતિનિધિઓ ડેલીગેશન સાથે જોડાયા હતા. ભારત સરકારમાંથી નીતી આયોગના સભ્ય ડો વિનોદ પૌલ સહિત વિવિધ સરકારી પ્રતિનધિઓમાં પ્રો અજય કે સુદ, ડો. બાલસુબ્રહ્મણયમ, ડો. પરવિન્દર, ડો. રાજીવ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા અનાજ, ખાંડ, તેલનું નિઃશુલ્ક વિતરણ કરાયું

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદ રઘુવંશી સોશ્યલ ગ્રુપ અવનવી સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. જેમાં વિદ્યાર્થીઓને ચોપડા, નોટબુકોનું વિતરણ, રઘુવંશી પરીવારના જરૂરિયાતમંદ દર્દીને સારવાર ખર્ચ, સમૂહ લગ્ન, આદર્શ લગ્ન તેમજ અનાજ વિતરણ કરવામાં આવે છે. દર મહિનાના છેલ્લા રવિવારે રઘુવંશી સમાજનાં જરૂરિયાતમંદ ૬૫ પરિવારોને સમાજના શ્રેષ્ઠિઓના આર્થિક સહયોગથી ઘઉં, બાજરો, ચોખા, ખાંડ, તેલ વગેરેનું વિતરણ કરવામાં આવે છે. તેમજ તહેવારો દરમ્યાન મીઠાઈ, ફરસાણ, કપડા વગેરેનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. રઘુવંશી સમાજના દાતાઓ દ્વારા દરમાસના રૂપિયા ૧૦૦ અથવા ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. જેને લઈને આ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. રઘુવંશી સોશ્યલ ગૃપ દ્વારા અનાજ કીટ તથા ખાંડ, તેલનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ. જેમાં સાંઈઠ કિલો બાજરો ડાયાલાલ ગોકળદાસ વાળા વિનયભાઈ તરફથી આપવામાં આવેલ તેમજ પ્રવીણચંદ્ર નારણદાસ તરફથી ત્રીસ કિલો બાજરો આપવામાં



આવેલ હતો. તેમજ દાતાઓ તરફથી સો અને બસ્સો રૂપિયા આપવામાં આવે છે. આ સેવા કાર્યમાં રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ મનીષભાઈ રાયચડા, પારૂલભાઈ કારીયા, ભીખુભાઈ ગોટેચા, નંદાભાઈ ગોર, સંજય દેવાણી, દાવડા, દિનુભાઈ દેવાણી, ડો. સ્નેહલ તન્ના તેમજ દિનેશભાઈ કાનાબાર વગેરે પોતાની સેવાઓ આપી રહ્યા છે. આ તકે દાતા વિનયભાઈ ગોટેચા, પ્રવીણચંદ્ર નારાયણદાસ તેમજ દર માસે રૂપિયા સો તથા રૂપિયા બસ્સોનો આર્થિક સહયોગ આપતા દાતાઓનો આભાર સંસ્થાના હોદ્દેદારો દ્વારા માનવામાં આવ્યો હતો.

# દ્વારકાધીશ મંદિરમાં ભક્તનું ખિસ્સું હળવું કરનારા અમદાવાદના બે શખ્સોને દબોચી લેવાયા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

જામનગરથી દ્વારકા ખાતે કાળીયા ઠાકોરના દર્શન કરવા આવેલા એક આસામીના ખિસ્સામાંથી રોકડ સહિતના મુદ્દામાલની ચોરી થયાના પ્રકરણમાં દ્વારકાધીશ મંદિર પોલીસે તાકીદની કાર્યવાહી કરી, અમદાવાદમાં રહેતા પોણોસો વર્ષના એક વૃદ્ધ સહિત બે શખ્સોને દબોચી લીધા હતા. દ્વારકાધીશના દર્શન કરવા માટે લાઈનમાં ઉભા રહેલા જામનગર ખાતે રહેતા ૫૮ વર્ષના એક વિપ્ર પ્રૌઢના ખિસ્સામાંથી રૂપિયા ૧૯,૦૦૦ની રોકડ રકમ

**ડીવાયએસપી સારડા અને મંદિર પોલીસે તાકીદની કાર્યવાહી કરી મુદ્દામાલ પરત અપાવ્યો**

સહિતના મુદ્દામાલની ચોરી થયાનો બનાવો બનતા આ અંગે દ્વારકાધીશ મંદિર સુરક્ષા પોલીસને જાણ કરવામાં આવી હતી. જે અંગે પોલીસે એફ.આઈ.આર. નોંધી, તાત્કાલિક ચેકિંગ કાર્યવાહી કરતા દ્વારકાધીશ મંદિર ખાતે બેશકમંદ હોવાનું જણાવતા આ અંગે ડી.વાય.એસ.પી. સમીર સારડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી કામગીરીમાં આ બંને શખ્સોની અંગજડતી કરવામાં આવી હતી. અમદાવાદના બંગલા એરીયા મોચી પાડો ખાતે રહેતા અનેફ્રુટનો વેપાર કરતા અને મૂળ



રાજસ્થાન રાજ્યના ભીલવાડા જિલ્લાના વતની એવા રમેશ બુધારામ પીરાણા (ઉ.વ. ૭૩) અને સતીશ સાવલદાસ સંધી (ઉ.વ.૫૩) નામના આ બંને શખ્સો પાસેથી વિપ્ર પ્રૌઢ પાસેથી ચોરી કરેલા રૂપિયા ૧૯ હજાર તથા તેમના ડોક્યુમેન્ટસ મળી આવ્યા હતા. જેથી દ્વારકાના પી.આઈ. જે.જે. ચૌહાણ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા બંને આરોપીઓની અટકાયત કરી આગળની કાર્યવાહી કરી હતી. વધુમાં જાણવા મળતી વિગત મુજબ ઉપરોક્ત બંને શખ્સો અવાર-નવાર અહીં દર્શનાર્થે આવતા હતા અને સ્થાનિક સુરક્ષા કર્મીઓની બાજ નજરમાં શંકાસ્પદ બની ગયેલા ઉપરોક્ત બંને આરોપીઓની અટકાયતથી ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો.

# મારી માટી મારો દેશ અંતર્ગત શહીદ વિરોને શ્રદ્ધાંજલી પાઠવવા વંથલી તાલુકાના શાપુર ગામે લોકડાયરાનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

આઝાદીના અમૃતકાળ ને યાદગાર બનાવવા તેમજ દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા વીર શહીદોને સાચા અર્થમાં શ્રદ્ધાંજલી પાઠવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવ્યાપી "મારી માટી મારો દેશ" અભિયાનનો પ્રારંભ થયો તે અંતર્ગત જૂનાગઢ જિલ્લા વંથલી તાલુકાના શાપુર ગામે ગ્રામ્ય કક્ષાનો લોકડાયરાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોકલાડીલા ભજનીક કલાકાર શાંતિલાલ પીઠીયા દ્વારા દેશ માટે શહીદ થનારા આપણા વિર શહિદ જવાનોને યાદ કરવામાં આવ્યાં



હતા. શહીદ થયેલા વીરો માટે દેશ ભક્તિ ગીતો ગાવામાં આવ્યા હતા. આ તકે શાપુર ગામના સરપંચ તેમજ અન્ય આગેવાનો દ્વારા શહીદ વિરોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ તકે દલિત સમાજના આગેવાનો દ્વારા શાંતિલાલ પઠીયા ભજનીક કલાકારનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને સુરેશભાઈ મહીડા, ભગવાનજીભાઈ પરમાર, મૂકેશભાઈ મહીડા, બાબુભાઈ મહીડા, શાપુર ગ્રામ પંચાયતના સામાજીક ન્યાય સમિતિના ચેરમેન પ્રવિણભાઈ મહીડા ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન દલિત સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

# માણાવદર તત્કાલ હનુમાનજી મંદિરે શ્રીગો ગાયત્રીયાગ યજ્ઞ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૮

માણાવદર બાવાવાડી વિસ્તારમાં શ્રી તત્કાલ હનુમાનજી મંદિરના ૨૧માં પ્રતિષ્ઠાદીન નિમિત્તે ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રીયાગ યજ્ઞનું દિવ્ય આયોજન થયું હતું. વરસતા વરસાદ વચ્ચે સવારે ૮ વાગ્યે ગો ગાયત્રી યંત્રના ચિત્રવાળી ધજા સાથે ૨૫ યજમાન પરીવારોએ ગો પૂજન કરી મંદિર પરીસરમાં આવેલા મંદિરોન પ્રદક્ષિણા કરી વરસાદમાં પ્રાર્થના કરી ગૌમૂત્રના આચમન બાદ મંદિર હોલમાં બહેનો દ્વારા અગ્નિની સ્થાપના કરી ૨૫ કુંડ શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનો પ્રારંભ થયો હતો. સમુહ હનુમાન ચાલીસાના પાઠ બાદ શ્રી ગણેશ મંત્ર માળા હોમ, શ્રી ગાયત્રી



મંત્ર માળા હોમ, સુરભી ગો માતા મંત્ર હોમ, હનુમાનજી મંત્ર માળા હોમ, નવ ગ્રહ હોમ સાથે વિવિધ આહુતીઓ અર્પણ થઈ હતી. ૨૫ યજમાન પરીવારો ભાવથી જોડાયા હતા તેમને સન્માનનો કાર્યક્રમ તા. ૨૮-૮-૨૩ સોમવારે સાંજે ૭.૩૦ કલાકે તત્કાલ હનુમાન મંદિર બાવાવાડી ખાતે રાખેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા પુજારી ભીખુપુરી ગોસ્વામી તથા અન્ય સેવકો જહેમત ઉઠાવી રહયા છે.

# ઓખાના લોહાણા અગ્રણી પંચમતીયા પરીવારની કન્યાઓ એમ.બી.એ. અભ્યાસક્રમમાં રાજ્યસ્તરે ઝળકી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

ઓખાનાં લોહાણા અગ્રણી કાંતિલાલ લક્ષ્મીદાસ પંચમતીયા પરીવારની પુત્રી મનાલી રાજેશભાઈ પંચમતીયાએ અમદાવાદમાં એલ.જે. કોલેજમાં એમ.બી.એ.નાં અભ્યાસક્રમમાં ૮માં સેમેસ્ટરમાં ૯.૬૯ એસ.પી.આઈ. તથા ૯.૬૬ સી.જી.પી.એ. સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર રાજયમાં તથા કોલેજમાં પ્રથમ ક્રમનાં ગુણ મેળવી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સતત ત્રણ સેમેસ્ટરમાં પ્રથમ નંબર મેળવી વિક્રમી સિદ્ધી મેળવી છે. એ જ રીતે રિતિકા દિપકભાઈ પંચમતીયાએ પણ સેમેસ્ટર-૮માં ૯.૬૯ એસ.પી.આઈ. સાથે ઉત્તીર્ણ કરી સમગ્ર રાજયમાં તથા કોલેજમાં દ્વીતીય ક્રમનાં ગુણ મેળવી પરીવારનું ગૌરવ વધાર્યું



છે. આમ ઓખા પંથકનાં લોહાણા અગ્રણી પરીવારની કન્યાઓએ એમ.બી.એ.નાં અભ્યાસક્રમમાં રાજયસ્તરે ઝળહળતું પ્રદર્શન કરતા હાલારનાં ગૌરવમાં પણ વધારો થયો છે.

# પ્રાચી તિર્થ ખાતે શાળાકીય રમતોત્સવ યોજાયો



(પ્રતિનિધિદ્વારા)

ઉના તા.૨૮

તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લાના પ્રાચી તીર્થ સ્થાને સ્પોર્ટસ ઓથરિટી ઓફ ગુજરાત જિલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીર સોમનાથ જિલ્લા દ્વારા શાળાકીય રમતોત્સવ ૨૦૨૩-૨૪ યોજાયો હતો. જેમાં જિલ્લાભરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તીરંદાજી (આર્ચરી) વિભાગની સ્પર્ધામાં ઉનામાં આવેલ વિજયપબ્લિક સ્કૂલના ૭ વિદ્યાર્થીઓએ અંડર ૧૪ અને અંડર ૧૭ની તિરાંદજી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ, બીજા, ત્રીજા ક્રમે વિજેતા બનનાર ધારાબેન ભગવાનદાસ ઠક્કર, વિધીબેન મનીષભાઈ જોબનપુત્રા, યુગ અશ્વિનભાઈ ડોડીયા, આર્ય અજયભાઈ રાવલ, ધ્રીત કિર્તીભાઈ ભંડેરી, શ્લોક નરેન્દ્રભાઈ સોલંકી, વિશાલ વિજયભાઈ સોલંકી વિજેતાઓ થયા હતા. તમામ સ્પર્ધકોને તેમના ગુરૂ કનુભાઈ રાઠવાએ સખત મહેનત કરી પ્રશિક્ષણ તાલીમ આપી હતી. તમામ વિજેતા બનનાર સ્પર્ધકોને વિજયપબ્લિક સ્કૂલના ચેરમેન વિજયભાઈ કનૈયાલાલ જોશીએ અભિનંદન સાથે શુભેચ્છાઓ આપી હતી.

# શ્રાવણ માસ-સોમવાર નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને શિવસ્વરૂપ અને ગલગોટાના ફુલોનો દિવ્ય શણગાર

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૮

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અનો શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવહનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૨૮-૮-૨૦૨૩ને સોમવારના રોજ શ્રાવણ માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને શિવસ્વરૂપ અને ગલગોટાના ફુલોનો દિવ્ય શણગાર કરી



સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ હતી. શ્રાવણ માસ દરમ્યાન મંદિરના પરિસરમાં આવેલ શ્રી નિલકંઠ મહાદેવનું પૂજન-આરતીનું આયોજન કરવામાં આવેલ હતું. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતું.

# બાજ ખેડાવાળ બ્રાહ્મણ મહેતા પરિવારનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ નિવાસી સતિષભાઈ અનંતરાઈ મહેતા અને તરૂણાબેન સતિષભાઈ મહેતાના પુત્ર જીગરકુમાર એસ. મહેતાએ વનસ્પતિ શાસ્ત્ર/બોટની વિષયમાં પીએચ.ડી./ડોકટર ઓફ ફિલોસોફીની ડિગ્રી મેળવી સમગ્ર મહેતા પરિવાર અને બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિનું ગૌરાવ વધારેલ છે. તેમણે ભીની માટી અને વર્ષા ઋતુમાં માટીમાં સુગંધ મુક્ત કરતા જીવાણુંની એક પ્રજાતિની શોધ કરીને તેની મગફળી અને કપાસના છોડમાં વૃદ્ધિ અને ફૂગ પ્રતિરોધકતાની કર્યાક્ષમતા ઉપર મહાનિબંધ (થિસીસ) લખી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ તેમને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. આ સંશોધન તેમણે એમ.ડી. સાયન્સ કોલેજ પોરબંદરના બોટની વિભાગના અધ્યક્ષ ડો. ભુપેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ કરેલું હતું.

C M Y K

# ગીર સોમનાથમાં ઈ–મેમાનો દંડ ન ભર્યો હોય તેવા વાહન ચાલકોને મોબાઈલમાં કોર્ટની ઈ–નોટીસ પાઠવવાનુ શરૂ

## નેશનલ લોક અદાલતના સંદર્ભમાં ટાફીક નિયમોનો ભંગ કરનારને ઈ–નોટીસની લીંક મોકલવાનો પ્રારંભ : કુલ ૧૭,૬૬૭ જેટલા વાહન ચાલકોને મોકલાઈ ઈ–નોટીસની લીંક, તા. ૦૮/૦૯/૨૦૨૩ સુધીમાં ભરવાનો રહેશે દંડ

ગીર સોમનાથ, તા.૨૮

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ નવી દિલ્હી તેમજ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શનહેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગીર સોમનાથ દ્વારા તા.૯/૯/૨૦૨૩ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરેલ છે. ગીર સોમનાથ જિલ્લામાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોને નેત્રમ દ્વારા અપાયેલા ઈ–મેમાનો દંડ ન ભર્યો હોય તેવા વાહન ચાલકોને તેમના મોબાઈલમાં કોર્ટની ઈ–નોટીસ પાઠવવાનુ શરૂ કરાયુ છે.

ગીર-સોમનાથ જિલ્લાના અંદાજિત કુલ ૧૭,૬૬૭ જેટલા વાહન ચાલકોને ઈ–નોટીસની લીંક મોકલવામાં આવેલ છે. જેથી જે વાહન ચાલકોએ ઈ–મેમાની દંડની રકમ ભરી નથી તેઓએ તા.૮/૯/૨૦૨૩ સુધીમાં દંડની રકમ ઈનોટીસ મારફત મોકલવામાં આવેલ લિંક દ્વારા ભરી દેવી અથવા ઈ-ચલણ બાબતે કોઈ પ્રશ્ન હોય તો નેત્રમ એસ.પી. કચેરી, ઈણાજનો સંપર્ક કરવો. એમ જિલ્લા કાનની સેવા સત્તા મંડળ, ગીર સોમનાથના અધ્યક્ષ પી.જી.ગોકાણી તથા સેક્રેટરી કે.જી.પટેલની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# કોડીનાર જીવનદિપ હેલ્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના મનોદિવ્યાંગ બાળકોએ અધિકારીઓને બાંધી સ્વનિર્મિત રાખડી

## વિકાસ ડે કેર સેન્ટરના મનોદિવ્યાંગ બાળકોએ સ્વહસ્તે તૈયાર કરી રૂદ્રાક્ષ, ડાયમંડ, લટકણી જેવી વિવિધ રાખડીઓ : વડાપ્રધાન, મુખ્યમંત્રી, ધારાસભ્યો સહિત મહાનુભાવોને મોકલવામાં આવશે મનોદિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત રાખડીઓ





(પ્રતિનિધિ દ્વારા)

કોડીનાર, તા.૨૮

જીવનદિપ હેલ્થ એજયૂકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (દિવ્યાંગ બાળકોની સંસ્થા) દ્વારા બનાવાયેલી રાખડીઓના પ્રદર્શની અને સ્ટોલને સોમનાથ મહાદેવ મંદિરના મહંત હરેશબાપુના હસ્તે ખુલ્લી મુકાઈ હતી ત્યાર બાદ મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી, નગર પાલિકા, તાલુકા હેલ્થ ઓફીસ તથા પોલીસ સ્ટેશનના કર્મચારીઓને તથા કલેકટર ગીર સોમનાથ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક તથા વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓને સંસ્થાના દિવ્યાંગ બાળકોએ સ્વહસ્તે રાખડીઓ બાંધી હતી.

ચોરવાડી હનુમાન મંદિરની બાજુમાં, બાયપાસ રોડ, કોડીનાર ખાતે ચાલતા દિશા કમ વિકાસ ડે કેર સેન્ટરના મનોદિવ્યાંગ બાળકોએ સંસ્થાનાં કર્મચારીઓના સહયોગથી પોતાનાં હસ્તે ડાયમંડ, લટકણી, ઉન્ની, રૂદ્રાક્ષ વિગેરે પ્રકારની રાખડીઓ બનાવી હતી. એક દિવસ માટે જાહેર વેચાણ અર્થે સોમનાથ મહાદેવ મંદીર પટાંગણ કોડીનાર ખાતે પણ આ રાખડીઓનું પ્રદર્શન તથા વેચાણ સ્ટોલ રાખવામાં આવ્યો હતો. જેમાં કોડીનારની જાહેર જનતાએ ખુબ જ હોંશે હોંશે રાખડીઓની ખરીદી કરી હતી.

સંસ્થાના દિવ્યાંગ બાળકોએ બનાવેલી રાખડીઓ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મંત્રી ભાનુબેન બાબરીયા, કોડીનાર ધારાસભ્ય ડો.પ્રદ્યુમનભાઈ વાજા વગેરે મહાનુભાવોને રાખડીઓ મોકલવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના આરીફભાઈ ચાવડા, એકતાબેન જાદવ, રાકેશભાઈ બેરડીયા, ડો.ભરતભાઈ રાઠોડ, ડો.નિકુંજભાઈ ચુડાસમા તનવીરભાઈ ચાવડા, ભાવનાબેન રાઠોડ, અમિતાબેન ચાવડા, નાજીમાંબેન જુણેજા વગેરે સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ગોપી ગીર ગૌ સંવર્ધન ટ્રસ્ટ, ઈરાદા ફાઉડેશન, નિસ્વાર્થ ચિલ્ડ્રન ફાઉન્ડેશન દ્વારા

# જામકા ખાતે વૈદિક ગર્ભ સંસ્કાર સેમિનાર યોજાયો







જૂનાગઢ, તા.૨૮

જામકા ખાતે ગોપી ગીર ગૌ સંવર્ધન ટ્રસ્ટ, ઈરાદા ફાઉડેશન, નિસ્વાર્થ ચિલ્ડ્રન ફાઉન્ડેશન દ્વારા વૈદિક ગર્ભ સંસ્કાર સેમીનાર યોજાયો હતો જેમાં ડો.કરીશ્માબહેન દ્વારા ગર્ભ સંસ્કાર વિષે તલસ્પર્શી માહિતી ઉપસ્થીત મહિલાઓને આપવામાં આવી હતી. પરસોતમ સિદપરાએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાની માહિતી આપી હતી. આ ઉપરાંત મુંબઈથી પત્રાકાર અને લેખક આસુ પટેલ તથા તારક મહેતા ફેઈમ બાઘો ઉર્ફે તન્મય વેકરિયાએ ખાસ હાજરી આપી હતી. આસુ પટેલ તથા તન્મય વેકરીયા દ્વારા જામકા ખાતે ચાલતી વિવિધ યોજનાઓ બાબતે વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ કાર્યક્રમમાં જાણીતાં લોક સાહિત્યકાર માલદે આહિરે સુંદર લોકગીતો રજૂ કરી ઉપસ્થિતિ શ્રોતાને ડોલાવ્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા ડો.ચિખલિયા, જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ, ભીમશીભાઈ અને અમેરિકાથી સંજીવ પટેલ તથા લાલજીભાઈ, સ્નેહલ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા આર્ટસ કોલેજના પ્રાધ્યાપક રાહુલ બી. પટેલે અંગ્રેજી ભાષા સાહિત્યમાં પીએચ.ડી.ની ઉચ્ચતમ ડિગ્રી હાસલ કરી



રાજકોટ, તા.૨૮

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ કોલેજ, મોડાસામાં અંગ્રેજી વિભાગમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા શ્રી રાહુલ બી.પટેલે ડો.કામેશ્વર આર. પ્રસાદના માર્ગદર્શન હેઠળ **"Analyzing Concepts Of Love And Art In Kazuo Ishiguro's Select Literary Works"** વિષયઉપર સંશોધનકાર્ય પૂર્ણ કરી પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી પોતાની કોલેજને ગૌરવ અપાવ્યુંછે. ડો.રાહુલ પટેલના પીએચ.ડી. વાયવાના બાહ્ય પરીક્ષક તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રાધ્યાપક અને દેશની અનેક યુનિવર્સિટીના અલગ અલગ સત્તા મંડળોમાં પ્રતિનિધિત્વ કરનાર તથા સૌ.યુનિ.ના પૂર્વ કુલપતિ પ્રો.ડો.જયદીપસિંહ ડોડિયા હાજર રહ્યા હતા. ડો.રાહુલ પટેલ હાલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણનાં સેનેટ મેમ્બર તરીકે ફરજ બજાવે છે. તેમજ મોડાસા આર્ટસ કોલેજમાં એનસીસી ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમજ વિજયનગર તાલુકામાં હોમગાર્ડ કમાન્ડર તરીકે ફરજ બજાવે છે. ડો. રાહુલ પટેલ અરવલ્લી જિલ્લામાં અખિલ ભારતીય કોલેજ શૈક્ષીક મહાસંઘના સંયોજક તરિકે હાલ કાર્યરત છે. પીએચ.ડી.ની પદવી મેળવવા બદલ ડો.રાહુલ પટેલને ઉત્તર ગુજરાત યુનિવર્સીટીનાં કુલપતિ ડો.રોહિતભાઈ દેસાઈ, મોડાસા આર્ટસ કોલેજના પ્રિન્સીપાલ દીપકભાઈ એચ.જોશી, પ્રમુખ નવીનભાઈ મોદી, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ (મામા) સહિત શિક્ષણજગત સાથે સંકળાયેલ અનેક મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી હતી તથા સમગ્ર કોલેજ પરિવારે પણ ડો. રાહુલ પટેલને અભિનંદન પાઠવીને તેમની સાહિત્ય સંશોધન ક્ષેત્રની આ સિદ્ધિને બિરદાવી હતી.

# ભાણવડ નજીક ઐતિહાસિક એવા ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે રૂપિયા સાડા ચાર કરોડના ખર્ચે બનશે પૂર સંરક્ષણ દિવાલ





**ગ્રામજનોની વર્ષોની માંગણી સરકાર દ્વારા સ્વીકારાઈ : કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની જહેમત સફળ**

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

ભાણવડ નજીક આવેલા સુવિખ્યાત પ્રવાસન તથા ધર્મસ્થળ એવા ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર નજીકની જગ્યાનું ધોવાણ થતું હોવા અંગેની રજૂઆત કરવામાં આવતા અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો સંદર્ભે પ્રોટેક્શન વોલના નિર્માણ અર્થે સરકારી તંત્ર દ્વારા રૂપિયા સાડા ચાર કરોડ જેટલી નોંધપાત્ર રકમ ફાળવવામાં આવી છે. ભાણવડ નજીકના માર્ગ પર આવેલા જાણીતા એવા શ્રી ઈન્દ્રેશ્વર મહાદેવના મંદિર પાસેથી પસાર થતી વર્તુ - ૨ નદીનો વિસ્તાર ત્રિવેણી સંગમ તરીકે વિખ્યાત છે. અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે અને વર્ષામાં એક વખત લોકમેળો પણ યોજવામાં આવે છે. શ્રી ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર - ત્રિવેણી સંગમ ખાતે વર્તુ - ૨ નદીના એક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વ્યાપક પ્રમાણમાં ધોવાણ થતું હોવાથી આ સ્થળે પ્રોટેકશન વોલ બનાવવા માટેની રજૂઆત અગાઉ સરકાર સમક્ષ કરવામાં આવી હતી. આ સાથે તાજેતરમાં અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર શુભેચ્છક મિત્ર મંડળ દ્વારા ઈન્દ્રેશ્વર વિસ્તારમાં જમીનનું ધોવાણ થતું અટકાવવા માટે પ્રોટેક્શન દીવાલ અનિવાર્ય હોય એવા અંગેની કરવામાં આવેલી રજૂઆતના સંદર્ભે તેમના દ્વારા સરકારના સંબંધિત વિભાગમાં લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ અને નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આ સ્થળે પ્રોટેકશન વોલના નિર્માણ માટે રૂ. ૪.૪૫ કરોડ જેટલી નોંધપાત્ર રકમ મંજૂર કરવામાં આવી હોવાનો લેખિત આદેશ કરવામાં આવ્યો છે. આ રકમથી મંદિરની બંને બાજુ નદીના છેવાડે આશરે સવાથી દોઢ કિલોમીટર આરસીસી દિવાલ બનશે. જેનાથી જમીનનું ધોવાણ અટકશે અને આ વિસ્તારની સુંદરતામાં વધારો થશે. અહીં માટે રૂ. સાડા ચાર કરોડ જેટલી નોંધપાત્ર રકમ મંજૂર કરવામાં આવતા સ્થાનિક આગેવાનો તેમજ રહીશો દ્વારા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# શ્રાવણ માસ શિવ સત્સંગ







ભગવાન શિવ નો પવિત્ર શ્રાવણ માસ હાલ ચાલુ છે. દરેક શિવાલય માં હર.. હર.. મહાદેવની ગુંજ બોલી રહી છે. ભાવિકો મંત્ર જાપ, પૂજા અર્ચના દ્વારા મહાદેવ ની આરાધના કરી પુણ્યનું ભાથું બાંધી રહેલ છે.

ગરવાં ગિરનાર એટલે ખુદ શિવની મૃખાકૃતિ છે. જે આપણને શિવની ઉપસ્થિતનો અણસાર આપે છે પણ ગરવા ગિરનારમાં ઘણા શિવાલાય એવા છે. જેની જાણ અમુક ભાવિકોને હોય છે.

**ડુંગરમાં આવેલ શિવગુફા**

આ શિવ મંદિર દામોદર કુંડની સામે દેખાતો જોગણીયા ડુંગરની અંદર આવેલ છે જો કે જવાના રસ્તા બે, ત્રણ છે પણ અમુક ભાવિકો સ્મશાન ની અંદરથી પણ જાય છે. અહીં પગપાળા જવામાં લગભગ ૧ કલાક જેવો સમય લાગે છે. પૂરાં જંગલમાંથી જતાં કુદરતી સૌંદર્યની સાથો સાથ શિવની હાજરી જણાય છે. આ ગુફા પાસે ગયા પછી અંદર પ્રવેશવા સૂતું સૂતું જવું પડે છે. અંદરનું શાંત વાતાવરણ તેમજ શિવલિંગનાં દર્શન કરતા ધન્યતાં અનુભવાય છે. અહીજ થોડું ચાલતા જોગણી માંનું પથ્થરનું મુખારવિંદ જણાય છે.

હાલ તો ભાવિકો શ્રાવણ માસહોય દર્શન કરવા જતાં હોય છે પણ ઘણા ભાવિકોનું કથન એવું છે કે, અગાવ ઘણી વારસવારે કોઈ પૂજા કરતું હોય તેવું લાગે છે. તાજાજ બીલી, પુષ્પ ચઢાવેલ હોય છે. ખબર નહિ કોઈ ગેબી હિસાબ હોય શકે છે. આ આલોક્કીક શિવ મંદિર જોવાં જેવું છે.

**દુધેશ્વર મહાદેવ**

ભવનાથ જતા રૂપાયતન તરફનાં રસ્તામાં ખૂણામાં આ શિવાલય આવેલ છે. સમયાંતરે આ મંદિરનો જીણોદ્ધાર થતો રહ્યો છે. આ શિવલિંગ પ્રાચીન હોવાનું જણાય છે. અહીં ધુણા નીચે એક ગુફા છે જયાં પપગથિયા વળાંક આવે છે. નીચે ૨૦૫ ગથિયાં ઉત્તરો એટલે બીજુ એક શિવલિંગ નજરે પડે છે. અહીં ૩ બાય ૩ ફૂટની ગોળાય વાડો કૂવો આવેલ છે જે મંદિરની પોરાણિકતા દરસાવે છે. અહીં પ્રકાશ ફેંકવાથી પાણી જણાય છે. આ ગુફા પથ્થરમાંથી કોતરી બનાવ્યાનું જણાય છે. કોઈ સમયે અહીં સિદ્ધ સાધુઓ તપ કરતાં હશે. અહીં પાણીની વ્યવસ્થા એટલે કદાચ કરી હોય કે પાણી માટે બહાર આવવું ના પડે. કુદરતી વાતાવરણનું આ શિવાલય શ્રદ્ધા ભક્તિની જયોત જલાવતું જણાય છે.

**ભવનાથમાં આવેલ વસ્ત્રાપાથેશ્વર મહાદેવ**

ગિરનાર તળેટીમાં ભવનાથની ડાબી બાજુ એક શિવાલય આવેલ છે જે વસ્તાપાથેશ્વર તરીકે પ્રખ્યાત છે. આ વિસ્તારનો ક્ષેત્ર પુરાણોમાં ૪ યોજન એટલે કે ૧૬ ગાવ જેટલો બતાવ્યો છે. આ ક્ષેત્ર અધિપતિ ગણાય છે. આ મંદિરનો જીણોદ્ધાર ઈ.સ.૧૮૯૦માં કરાયેલો જાણવા મળે છે. આ મંદિરની કથા કંઈક આવી છે કે કોઈ સમયે માતા પાર્વતીએ શિવજીને પ્રશ્ન કરેલો કે હે મહાદેવ તમે મને કહો કે કેવી રીતે ભક્તિ કરવાથી આપ મૃત્યુંલોકનાં માનવી ઉપર પ્રસન્ન થાવ છો. આનો જવાબ આપી શિવ કૈલાશ છોડી અજ્ઞાત બની ગયા. લાંબો સમય થયો શિવ આવ્યા નહિ ત્યારે માતા તેને શોધવાં નીકળ્યાં હતાં. કહેવાય છે કે આ સ્થાન ઉપર શિવ મળ્યા. અને પોતાનાં વસ્ત્રોનો ત્યાગ કરેલો અને પોતાનું શરીર અદ્રશ્ય કરી દીધું અને તેનાં વસ્ત્રો ત્યાંજ પડી રહ્યા આથી તે ક્ષેત્ર વસ્તાપાથેશ્વર તરીકે પ્રખ્યાત છે. આખું વર્ષ અહીં મેળામાં તેમજ પરિક્રમા દરમ્યાન ભાવિકો ભવનાથ તેમજ અહીં દર્શનનો લ્હાવો લઈ ધન્ય થાય છે.

**સંકલન : વિજય ચુડાસમા, જૂનાગઢ.**

# બિલ્વપત્ર જેમને અતિપ્રિય છે એવા ભગવાન ભોળાનાથને વંદન





**શાસ્ત્રી જયસ્વરૂપદાસ ગુરૂકુલ, અંકલેશ્વર**

અધિક પૂરો થયો અને શ્રાવણ શરુ થયો. શ્રાવણ એટલે ભીતરથી ભક્તિરસમાં ભીના થવાની મોસમ, શ્રાવણ એટલે પોતાની વિશુદ્ધ ભક્તિ દ્વારા પરમપિતા પરમાત્માને રીઝવવાનો માસ, ભક્તિયોગનો પવિત્ર મહિનો. આપણા જીવને શિવ સાથે રસ - ઐક્ય કરવાનો સમય. એ ત્રિનેત્રધારી છે, જટાશંકર છે, ભસ્માંગ સુંદર છે એને જોઈએ તો વૈરાગ્ય ન આવે તો જ નવાઈ પણ હા ! એને જોઈને આપણે પણ બ્રહ્માડનો એક અંશ છીએ એની અનુભૂતિ ચોક્કસ થાય અને આપણા જીવમાં શિવ ઉમેરાય. ખાસ કરીને આ માસ દેવાધિદેવ ભોળાનાથ શંભુની આરાધના અને ઉપાસનાની વિશેષતા ધરાવે છે. ભવાની શંકરોવન્દે શ્રદ્ધા વિશ્વાસ રૂપિણો. અર્થાત્ મૈયા પાર્વતીજી શ્રદ્ધા સ્વરૂપ અને ભગવાન ભોળાનાથ વિશ્વાસ છે. શ્રદ્ધા અને વિશ્વાસ ભકિતમાર્ગના સોપાન પણ ગણાય છે જેના વિનાની ભકિત કદી ફળીભૂત થતી નથી. ત્રણ નેત્ર, ત્રણ આકાર ધરાવતું ત્રિશૂળ, ત્રિભસ્મલેપન, બ્રહ્મા, વિષ્ણુ મહેશમાં ત્રીજા ક્રમે ઉચ્ચારાતું જેનું નામ છે તેઓને બિલ્વપત્રા અતિપ્રિય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં પોતાના ભક્તોને શ્રી મહાદેવજીની પૂજા કરવાની આજ્ઞા કરી છે કે, કર્તવ્યં કારણીયવા શ્રાવણે માસિસર્વથા ?બિલ્વપત્રાદિભિઃ પ્રીત્યા શ્રી મહાદેવપૂજનમ્ ?? અર્થાત્ - શ્રાવણમાસમાં દેવો કે દેવ શ્રીમહાદેવજીનું પૂજન બિલ્વપત્ર વડે કરીને શ્રદ્ધા, પ્રેમ અનેભાવ સાથે સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. આવા આસુતોષ અંતર્યામીની ઘરમાં તથા શિવાલયોમાં પંચોપચાર તથા ષોડશોપચાર પૂજા - મહાપૂજા, અર્ચા - પૂજા ખૂબ ધામધૂમપૂર્વક થાય છે. ભાવનાના ભૂખ્યા એવા ભગવાન ભોળાનાથને કોઈપણ માણસ હૃદયના પ્રેમથી અભિષેક કરે, બિલ્વપત્ર અને પુષ્પ સમર્પિત કરે તો પણ ભગવાન શિવજી પોતાના ભક્તો ઉપર અઢળક પ્રસન્ન થાય છે. ત્રિદલં ત્રિગુણાકારં ત્રિનેત્રાંચ ત્રિઆયુધમ્ ? ત્રિજન્મ પાપસંહાર મેકબિલ્વ શિવાર્પણમ્ ?? આ પવિત્ર માસમાં હરતાં ફરતા ઓમ નમઃ શિવાય મહામંત્રાનો હૈયે હોઠે જાપ કરતા સંત પુનિત મહારાજનું આ ભજન ભાવિક ભક્તો લલકારે છેપ. તેમાંથી આપણે બે કડીનું અહિયા રટણ કરીએ. જય જય ભોલેશંભુ મૈં તોરે દર્શન આયો તોરે દર્શન આયો રે બાવા તોરે દર્શન આયો. બધા જ દેવોમાં ત્વરિત પ્રસન્ન થનારા જો કોઈ દેવ હોય તો તે છે દેવો કે દેવ મહાદેવ.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# તાઈવાન ઉપર ચીનનો ડોળો

ચીન ફરી એક વખત તાઈવાનને ધમકાવવાની મુદ્રામાં છે. તેનો તાજો ધૂંધવાટ તાઈવાની ઉપરાષ્ટ્રપતિ વિલિયમ લાઈને લઈને વધ્યો છે. પોતાની પેરાગ્વે યાત્રા દરમ્યાન લાઈએ અમેરિકામાં પણ થોડા સમય માટે પડાવ નાખ્યો અને તેનાથી ચીન ચીડાઈ ગયું. લાઈ તાઈવાનમાં આગામી રાષ્ટ્રપતિના મુખ્ય દાવેદાર રૂપે ઉભર્યા છે. ચીની સેનાએ લાઈના અમેરિકી પ્રવાસને 'તાઈવાનની સ્વતંત્રતાના સમર્થકો' દ્વારા વિદેશી સહાયતા માંગવી ગણાવતાં એના પર કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. ચીની સેનાએ યુદ્ધની તૈયારીઓ બાબતની ધમકી પણ આપી છે. તાઈવાનની સીમાની આસપાસ ચીન તરફથી સૈન્ય ગતિવિધિઓ ચલાવવી બહુ સામાન્ય છે. 'વન ચાઈના પોલિસી' અંતર્ગત ચીન તાઈવાનને પોતાનું અભિન્ન અંગ માને છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે ૧૯૪૯થી તાઈવાન સ્વતંત્ર રૂપે શાસિત રહ્યું છે. તેમ છતાં ચીન પોતાની આદત છોડતું નથી અને તાઈવાનની આસપાસ લશ્કરી ચડાઈની મુદ્રામાં જ રહે છે અને તેના સમર્થનમાં સૂર મિલાવનાર દેશોને પણ ધમકાવે છે.

ચીન અને તાઈવાનના સંબંધોની તસવીર બહુ જટિલ અને બહુઆયામી પ્રકૃતિની છે, જેમાં રાજકીય, ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાસું પણ જોડાયેલું છે. છૂટક સૈન્ય ગતિવિધિઓ તો આ ટકરાવમાં એક ઉદાહરણ માત્ર છે, પરંતુ બંને વચ્ચે આ ભૂરાજકીય ટકરાવ બહુ લાંબા સમયથી ચાલ્યો આવે છે. તાઈવાન પર નિયંત્રણની ચીનની ઈચ્છા પાછળ કેટલાંય કારણો છે. સૌથી મોટું પાસું તો રણનીતિક મહત્ત્વનું છે. ચીનનું માનવું છે કે તાઈવાન પર કબ્જા સાથે તે અમેરિકાની 'દ્વીપ શૃંખલા રણનીતિ'ને નિષ્પ્રભાવી બનાવી દેશે, કારણ કે તાઈવાન ચીન અને પશ્ચિમી પ્રશાંત મહાસાગર વચ્ચે એક દીવાલનું કામ કરે છે. જો ચીન તાઈવાન પર કબ્જો કરી લે તો એશિયાના મુખ્ય સામુદ્રિક માર્ગો પર તેને સરસાઈ મળી જશે, તેનો તે ગેરલાભ ઉઠાવશે. એક પાસું આર્થિક હિતોનું પણ છે. તાઈવાન વિશ્વની સેમીકંડક્ટર મહાશક્તિ છે. એવામાં તેના પર નિયંત્રણ સાથે ચીનના વિશ્વના કેટલાય મુખ્ય ઉદ્યોગો પર વર્ચસ્વ ઓર વધી જશે.

તાઈવાનનો પ્રતિ વ્યક્તિ જીડીપી ચીનની તુલનામાં ત્રણ ગણો વધારે છે, જે તેની સમૃદ્ધિ દર્શાવે છે. દેખીતું છે કે ચીની કંપનીઓ માટે ત્યાં અપાર સંભાવનાઓ હશે. તાઈવાનને લઈને ચીનની જિદનું એક કારણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પણ છે. એક સમયે ચીની ગણતંત્રનો હિસ્સો રહેલું તાઈવાન ૧૯૪૯માં ચીની ગૃહયુદ્ધ બાદ સ્વતંત્ર થઈ ગયું હતું. ચીન આજ સુધી તેના સ્વતંત્ર અસ્તિત્વને પચાવી નથી શક્યું. આ જ કારણ છે કે તેને ચીનનો હિસ્સો બનાવવા ચીની કમ્યુનિસ્ટ પાર્ટી અને રાષ્ટ્રપતિ જિનપિંગની રણનીતિનો એક મુખ્ય હિસ્સો છે. સ્વાભાવિક છે કે ચીનમાં આંતરિક રાજકીય દૃષ્ટિકોણથી પણ તેના ઊંડા ગૂઢાર્થ છે.

તાઈવાન પર ચીન રહી રહીને જે પ્રકારે આંખો કાઢતું રહે છે તેનાથી એક પ્રશ્ન એ ઊભો થાય છે કે ચીની હુમલાની સ્થિતિમાં શું તાઈવાન પોતાની સુરક્ષા કરી શકવામાં સક્ષમ છે? તેમાં કોઈ શંકા નહીં કે તાઈવાને પોતાની લશ્કરી તૈયારીઓ કરી છે, પરંતુ બહારની મદદ સિવાય ચીનનો મુકાબલો કરવાની તેની ક્ષમતા ચર્ચાનો વિષય છે. ચીની મિસાઈલ, હવાઈ હુમલા અને સાઈબર આક્રમણ જેવા તાત્કાલિક ખતરાના સામના માટે તાઈવાનની સેનાએ મોરચો તૈયાર કર્યો છે. ત્યાં જ તાઈવાન રિલેશન્સ એક્ટ દ્વારા અમેરિકાએ તાઈવાનના સામુહિક આત્મરક્ષા અધિકારને માન્યતા આપેલી છે. જોકે, અમેરિકાએ તાઈવાન સાથે કોઈ પરસ્પર લશ્કરી સમજૂતી તો નથી કરી, પરંતુ કોઈ બાહ્ય હુમલાની સ્થિતિમાં તેની સહાયતાની જોગવાઈ કરેલી છે. અમેરિકી અધિકારીઓએ પોતાના કેટલાક હાલના નિવેદનોમાં પણ તાઈવાનની રક્ષાને લઈને સામુહિક હિતોને ધ્વનિત કર્યા છે. તાઈવાન પર કોઈ હુમલાની સ્થિતિમાં ભારતને પણ વિશેષ રૂપે ચોક્કસ રહેવું પડશે અને એક વ્યાપક રણનીતિ તૈયાર કરવી પડશે. વિશેષ રૂપે દક્ષિણ એશિયામાં ચીનની વધતી દખલને જોતાં ભૌગોલિક અને સામુદ્રિક બંને સ્તરો પર નજર રાખવી જરૂરી રહેશે. તેની સાથે જ કૂટનીતિક મોરચા પર ભારત મુખ્ય દેશો સાથે મળીને શાંતિ અને સ્થિરતા માટે પ્રયાસ કરે જેથી કોઈ એકતરફી ચીની આક્રમકતાની આશંકાને કમજોર કરી શકાય.

ભારત માટે એ પણ જરૂરી હશે કે તે તાઈવાન પર ચીની હુમલાની સ્થિતિમાં આર્થિક મોરચા પર ઉભરનારા પરિદૃશ્યના નિકાલની તૈયારી કરે. તાઈવાન વૈશ્વિક સેમીકંડક્ટર પૂરવઠો પૂરો પાડતું મુખ્ય ખેલાડી છે. ખાસ કરીને ઉન્નત પ્રકારની ચિપ નિર્માણનું મહારથી છે. વિશ્વની સૌથી મોટી ચિપ નિર્માતા કંપની ટીએસએમસી આ પ્રમુખ ટેકનિક મામલે તાઈવાનને નિર્ણાયક સરસાઈ આપે છે. જો તાઈવાન પર કોઈ ચીની હુમલો થયો તો વિશ્વમાં સેમીકંડક્ટર પૂરવઠો ખોરવાઈ જશે. તેનાથી કેટલાય ક્ષેત્રોની કેટલીય કંપનીઓ અને વિભિન્ન ઉત્પાદનોનું નિર્માણ પ્રભાવિત થશે, કારણ કે આજે બનતી વસ્તુઓમાં વ્યાપક રૂપે ચિપનો ઉપયોગ થાય છે. સેમીકંડક્ટર પૂરવઠો બગડવાના ગહન આર્થિક દુષ્પ્રભાવ પડશે અને તેનું નુક્સાન ભારતે પણ ભોગવવું પડશે.

એવામાં એ જરૂરી જ નહીં, અનિવાર્ય છે કે વિશ્વના પ્રમુખ દેશો તાઈવાનમાં ચીનના કોઈપણ રાજકીય અને સૈન્ય દુસ્સાહસનો સામનો કરવા એક સુવિચારિત રણનીતિ તૈયાર કરે. એનાથી તાઈવાન પર એકતરફી કાર્યવાહીની ચીની દાનત પર અંકુશ લાગશે. ભારત ભલે મલક્કા સ્ટ્રેટના પૂર્વમાં વ્યાપક પ્રભાવ ન વધારે, પરંતુ તે ચીનની કોઈ સામુદ્રિક સૈન્ય આક્રમકતાને રોકવામાં પોતાની ભૂરણનીતિક સ્થિતિનો લાભ અવશ્ય લઈ શકે છે. જ્યારે વિશ્વમાં લોકતાંત્રિક મૂલ્યોને પડકાર આપવામાં આવે છે ત્યારે એ દુનિયાભરના લોકતંત્રનું દાયિત્વ બની જાય છે કે તે તાઈવાનની સ્વાયત્તતાના સમર્થનમાં એકજુટ થાય. તાઈવાનમાં સમયની સાથે જે લોકતંત્ર સશક્ત અને પરિપક્વ થયું છે તેની સુરક્ષા જરૂરી છે.

# દેશનાં ૩૧ ટકા ભાગોમાં ઓછા વરસાદની હાલત : હવે બે સપ્તાહ નિર્ણાયક બની રહેશે

નવીદિલ્હી,તા.૨૮

ભારતના મોટાભાગનાં ક્ષેત્રોમાં જુન-જુલાઈમાં નોંધપાત્ર કે સારો વરસાદ વરસ્યા બાદ એકાન મહિનાથી વરીસાદી બ્રેક છે અને તેના કારણે દેશના ૩૧ ટકા ભાગો 'શુષ્ક'ની શ્રેણીમાં આવી ગયા છે. કૃષિ ઉપજ-ઉત્પાદન તથા જમીનના ભેજને તેની વ્યાપક અસર થવાની આશંકા છે. ભારતીય હવામાન વિભાગનાં ૨૭ જુલાઈથી ૨૩ ઓગસ્ટનાં સ્ટાંડર્ડાઈઝખ ત્રિસીએટેશન ઈન્ડેકસમાં આ ખુલાસો થયો છે. હવામાન વિભાગે દુષ્કાળ શબ્દ પડતો મૂકી દીધો છે અને નબળા ચોમાસા માટે ઓછા વરસાદનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. દેશમાં છેલ્લા એક માસથી ચોમાસું નબળુ જ ગણવામાં આવ્યુ છે. હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે ૩૧ ટકા ભાગોમાં વરસાદની ખાધ છે અને તે પૈકી ૯ ટકા ભાગોમાં ઘણો ઓછો વરસાદ છે. ૪ ટકા ત્યંત શુષ્ક વાતાવરણનો સામનો કરી રહ્યા છે. આવા ભાગોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, પશ્ચિમી દરીયાકાંઠા તથા પૂર્વ ભારતના ક્ષેત્રો આવી જાય છે. આંકડાકીય રીપોર્ટ પ્રમાણે ભારતનાં ૪૭ ટકા ભાગોમાં ઘણા અંશે શુષ્ક વાતાવરણ રહ્યું ચે. આ પ્રકારનાં માહોલથી જમીનનાં ભેજને અસર થાય છે. ખેતીપાકનાં વિકાસ તથા ઉત્પાદન પ્રભાવીત થાય છે. હવામાન વિભાગના વિજ્ઞાની રજીબ ચટ્ટોપાધ્યાયે કહ્યું કે એકાદ મહિનાથી વરસાદી બ્રેકને કારણે કેટલાંક ક્ષેત્રોમાં હાલત ખરાબ બની રહી છે પાણી મોરચે દબાણ સર્જાઈ શકે છે. હવેના બે સપ્તાહ અત્યંત મહત્વના-નિર્ણાયક બની શકેછે. બે સપ્તાહમાં વર્તમાન માહોલમાં કોઈ બદલાવ ન થવાના સંજોગોમાં પાણીની ડીમાંડ વધશે. ૧ જુનથી ૨૩ ઓગસ્ટ સુધીના ઈન્ડેકસ રીપોર્ટને ધ્યાને લેવામાં આવે તો પણ કેટલાંક રાજયોનાં અનેક ભાગો લાલ નિશાનીમાં જ છે.

અર્થાત વરસાદી ખાધ ધરાવે છે. તેઓએ કહ્યું કે દેશમાં વર્તમાન વરસાદી બ્રેકમાં ૨૦૦૨ નું પુનરાવર્તન થઈ રહ્યાનું માલુમ પડી રહ્યું છે. ૨૦૦૩ નાં જુલાઈમાં મેઘરાજાએ સળંગ ૨૬ દિવસે બ્રેક લીધો હતો અને વરસાદ વરસ્યો હતો. ચોમાસાની વર્તમાન હાલતથી કૃષિક્ષેત્રમાં નેગેટીવ અસર થવાની ભીતિ છે. વરસાદ અને સીંચાઈનાં પર્યાપ્ત પાણી વિના કૃષિ ઉત્પાદનને ફટકો પડે અને ખેડુતોને આર્થિક નુકશાન થઈ શકે છે. તાપમાન પણ નોર્મલથી ઉંચે જઈ રહ્યું હોવાના કારણે તળાવો તથા ભુગર્ભ જળ સપાટીને પણ અસર કારક છે. તેઓએ કહ્યું કે હવે સપ્ટેમ્બરમાં વરસાદી ખાધ સરભર થઈ શકે છે કે કેમ તે જોવાનુ રહે છે. ભારતીય ચોમાસા તથા અલ-નીનો વચ્ચેનું કનેકશન જાણીતું છે. અલનીનોની વધતી તાકાત સાથે ઉદભવી રહ્યું હોવાથી ઓગસ્ટનાં વરસાદી બ્રેકમાં તે કારણરૂપ હોવાનું મનાય જ રહ્યું છે. આ સંજોગોમાં પાણી મોરચે સંકટની સ્થિતિ સર્જાવાનાં સંજોગોમાં આગોતરા આયોજનોની તૈયારી કરવી પડશે. ભારતનાં જ નહિં સમગ્ર વિશ્વમાં સૌથી વધુ વરસાદ ધરાવતાં સ્થળ-શહેર તરીકેની ઓળખ ચેરાપુંજીની છે. મેઘાલયનાં ચેરાપુંજી તથા મૌસીનરામમાં સૌથી વધુ વરસાદ થતો રહ્યો છે. પરંતુ ચાલુ વર્ષનાં ઓગસ્ટ મહિનાને લાગેવળગે છે ત્યાં સુધી આ સ્થાન ઉતરાખંડનાં ઋષિકેશે મેળવી લીધુ છે. યોગ અને મેડીટેશનનાં પાટનગર ગણાતા ઋષિકેશમાં ચાલુ ઓગસ્ટ મહિનામાં સળંગ વરસાદ થયો છે અને સૌથી વધુ પાણી વરસ્યુ છે. હિમાચલપ્રદેશમાં આ વખતે કુદરતે કહેર વરસાવ્યો છે. એક પછી એક આફત ઉભી થઈ રહી છે. કુલ્લુ, મનાલી, સીમલા, મંડી તથા સોલાનમાં સતત ભયાનક વરસાદ વરસી રહ્યો હોવાથી તબાહી છે. આફતનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થઈ રહયો છે. આવો એક ચોંકાવનારો વીડીયો હાઈવેનો વાયરલ થયો છે. જે કાચા રસ્તાની જેમ ઘસી પડયો હતો. વીડીયો પોસ્ટ કરનાર યુઝરે એવો દાવો કર્યો છે કે મંડી-કુલ્લુ રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં કૈંચી નજીકનો આ હાઈવે બે સપ્તાહથી બંધ કરાયો હતો અને તે દરમ્યાન આ હાલત થઈ હતી.

# ચંદ્ર મિશનની સફળતા બાદ ઈસરો 'આદિત્ય-એલ-૧' સૂર્ય મિશન માટે તૈયાર છે

## ૨ સપ્ટેમ્બરે લોન્ચ થશે,એલ-૧ પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે

બેંગ્લુરૂ,તા.૨૮

ચંદ્ર મિશનની સફળતા પછી, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) સૂર્યનો અભ્યાસ કરવા માટે સંભવતઃ ૨ સપ્ટેમ્બરે સૂર્ય મિશનના પ્રક્ષેપણની તૈયારી કરી રહ્યું છે. 'આદિત્ય-એલ૧' અવકાશયાન સૌર કોરોના (સૂર્યના સૌથી બહારના સ્તરો)ના દૂરસ્થ અવલોકન માટે અને એલ-૧ (સૂર્ય-પૃથ્વી લેગ્રેંજિયન બિંદુ) પર સૌર પવનના સીટુ અવલોકન માટે બનાવવામાં આવ્યુંછે. એલ-૧ પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે. સૂર્યનું અવલોકન કરવા માટેનું તે પ્રથમ સમર્પિત ભારતીય અવકાશ મિશન હશે, જે સ્પેસ એજન્સી ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવશે. આદિત્ય-એલ૧ મિશનનો ધ્યેય એલ-૧ની આસપાસની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરવાનો છે. અવકાશયાન સાત પેલોડ વહન કરશે જે વિવિધ તરંગ બેન્ડમાં ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર (સૂર્યની દૃશ્યમાન સપાટીની




ઉપર) અને સૂર્યના સૌથી બહારના સ્તર (કોરોના)નું અવલોકન કરવામાં મદદ કરશે. ઈસરોના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આદિત્ય--૧ એ રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં સંપૂર્ણ સ્વદેશી પ્રયાસ છે. બેંગલુરુ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિકસે વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ પેલોડના નિર્માણ માટે અગ્રણી સંસ્થા છે. જયારે ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ, પૂણેએ મિશન માટે સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજર પેલોડ વિકસાવ્યું છે. આદિત્ય-એલ ૧ અલ્ટ્રાવાયોલેટ પેલોડનો ઉપયોગ કરીને અને એક્સ-રે પેલોડનો ઉપયોગ કરીને જ્વાળાઓનું નિરીક્ષણ કરીને કોરોના અને સૌર રંગમંડળ પર માહિતી પ્રદાન કરી શકે છે. પાર્ટિકલ ડિટેક્ટર અને મેગ્નેટોમીટર પેલોડ એલ-૧ ની આસપાસ બાહ્ય ભ્રમણકક્ષા સુધી પહોંચતા ચાર્જ થયેલા કણો અને ચુંબકીય ક્ષેત્ર વિશે માહિતી પ્રદાન કરી શકે છે. આ અવકાશયાન બેંગ્લોરમાં યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં તૈયાર કરવામાં આવ્યું છે અને બે અઠવાડિયા પહેલા તે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં ઈસરોના સ્પેસપોર્ટ પર પહોંચ્યું હતું. ઈસરોના એક અધિકારીએ જણાવ્યું કે, લોન્ચિંગ ૨ સપ્ટેમ્બરે થવાની સંભાવના છે. અવકાશયાનને સૂર્ય-પૃથ્વી પ્રણાલીમાં એલ ૧ ની આસપાસની બાહ્ય ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના છે. ઈસરોએ જણાવ્યું હતું કે એલ ૧ પોઈન્ટની આસપાસ બાહ્ય ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલા ઉપગ્રહને કોઈપણ ગ્રહણ કે ગુપ્ત ગ્રહણ વિના સતત સૂર્યને જોવાનો મોટો ફાયદો છે. ઈસરોએ કહ્યું કે આનાથી રિયલ ટાઈમમાં સૌર ગતિવિધિઓનું અવલોકન કરવાનો અને અવકાશના હવામાન પર તેની અસરનો વધુ ફાયદો મળશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઉત્સાહ મનુષ્યની ભાગ્યશીલતાનો પ્યાલો છે.
- તિરૂવલ્લુવર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૧૨ શિવ પૂજન, શિવ મુષ્ટી (તલ), પવિત્રા બારસ, વિષ્ણુ પવિત્રારોહણ, સોમપ્રદોષ, દામોદરદ્વાદશી તા.૨૮ ઓગષ્ટ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૧, ઉત્તરાષાઢા નક્ષત્ર, આયુષ્માન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૩, સૂ.અ.૭:૧૨ આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સવારે ૧૦:૩૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

## શ્રાવણ સત્સંગ

### શુક્રાચાર્યએ શિવ સાધના વડે સંજીવની વિદ્યાને પ્રાપ્ત કરી



એક વખત દૈત્યોના ગુરૂ શુક્રાચાર્યએ પોતાના શિષ્યો દાનવોની દેવો સામે યુધ્ધમાં કારમો પરાજય જોઈ અત્યંત વ્યથિત થયા. તેમણે તપસ્યાના બળ વડે દેવોને હરાવવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા કરી તેઓ અર્બુદ પર્વત પર તપસ્યા કરવા ચાલ્યા હતા.

અર્બુદ પર્વત(આબુ) માં ભુમિની અંદર ગુફા બનાવી તેમાં પ્રવેશ કરી 'શુકેશ્વર'નામના શિવલીંગની સ્થાપના કરી. આ શિવલીંગની તેમણે શ્રધ્ધા-ભક્તિ સાથે ષોડશોપચારે પુજા-અર્ચના કરી અને શિવ સાધનાનો આરંભ કર્યો.

નિરાદાર અને એક ધ્યાન સાથે તેમણે શિવજીને પ્રસન્ન કરવા દારૂણ તપનો પ્રારંભ કર્યો. આ પ્રકારે તપ કરતાં કરતાં એક હજાર વર્ષ વિતી ગયા.તેના તપથી પ્રસન્ન થયેલા શિવજીએ શુક્રાચાર્યને સાક્ષાત દર્શન આપ્યા. પછી કહ્યુ, 'હું તમારી સાધનાથી પ્રસન્ન થયો છું માટે વરદાન માંગો. તમારી ઈચ્છા હું અવશ્ય પરિપુર્ણ કરીશ.'

દાનવોના ગુરૂ શુક્રાચાર્ય એ હાથ જોડી અને શિવજીને પ્રાર્થના કરી 'હે દેવાધિદેવ મહાદેવ, જો આપ મારી પર ખરેખર પ્રસન્ન થયા જ હો તો મને એવી વિદ્યા આપો કે જેના વડે હું યુધ્ધમાં મરેલાને પણ જીવતા કરી શકું.'

પ્રસન્ન થયેલા શિવજીએ મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાવાળી તથા મરેલા પ્રાણીને પણ જીવતા કરનારી શક્તિવાળી સંજીવની વિદ્યા વરદાન ના રૂપમાં આપી. અને કહ્યું 'હજુ બીજુ કંઈ પણ માંગવું હોય તો માંગો.'

ત્યારે શુક્રાચારય એ કહ્યુ, 'પ્રભુ, કારતક મહિનાની શુકલ પક્ષની આઠમના જો આ શુક્રેશ્વર મહાદેવ ના મંદિરના શિવલીંગનું ભક્તિપુર્વક પુજન-અર્ચન કરે તેને અપમૃત્યુનો કદાપી ભય ન રહે.

ત્યારે મહાદેવજીએ, 'તથાસ્તુ' કહી અને શુક્રાચાર્યને તેના મનગમતા વરદાન આપી કૈલાસ પર્વત તરફ પ્રયાણ કર્યું. આ વરદાન મેળવી શુક્રાચાયએ યુધ્ધમાં મૃત્યુ પામેલા અસંખ્ય દૈત્યોને ફરીથી જીવતા કરી દેતા દેત્યોને પરાજીત કરવું દેવો માટે કઠીન બની ગયું.

આ શુક્રતીર્થમાં પિતૃઓની શ્રાધ્ધાદિક ક્રિયા કરવાથી પિતૃગણ સંતુષ્ટ થાય છે. આ પવિત્ર તીર્થક્ષેત્રમાં પુજન-અર્ચન કરવાથી મનુષ્ય બધા જ પ્રકારના પાપોમાંથી મુક્ત થઈ જાય છે. તેનો અલ્પમૃત્યુ કે અપમૃત્યુનો ભય નથી રહેતો.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૮-૮-૨૦૨૩ થી ૩-૯-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળેપરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુક્શાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**
ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનાસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**
આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**
આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**
આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય. જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનાદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદનો લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.
વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્રા-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**
આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**
આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**
આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબાતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

# ભાણવડના માનપર ગામે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો

## વૃક્ષોનું જતન કરવું એ આપણા સૌની જવાબદારી છે : કેબિનેટ મંત્રી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૮





ભાણવડ તાલુકાના માનપર ગામે પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો હતો.

આ તકે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, તાલુકા કક્ષાના વનમહોત્સવની આપણે ઉજવણી કરી રહ્યા છીએ. ત્યારે વૃક્ષોનું વાવેતર કરી તેની જાળવણી થાય તે જરૂરી છે. વૃક્ષોનું જતન કરવું એ માત્ર વન વિભાગની જ નહિ પણ આપણા સૌની જવાબદારી છે. પર્યાવરણની જાળવણી કરવા માટે વૃક્ષનું જતન કરવું જરૂરી છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, દ્વારકા જિલ્લામાં હર્ષદ ખાતે હરસિધ્ધિ વનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. દરેક ગ્રામ્ય વિસ્તારમાં, શહેરમાં, શાળાઓમાં, સરકારી કચેરીઓમાં, ઘર આંગણે વૃક્ષોનું વાવેતર કરી આપણા તાલુકાના હરિયાળો તાલુકો બનાવીએ. આ ઉપરાંત મંત્રીશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા અંગે પણ જણાવ્યું હતું. આ તકે નાયબ વન સંરક્ષકશ્રી અરૂણકુમાર દ્વારા પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, શાળાના બાળકો માટે નેચર કેમ્પ કરવામાં આવશે. અને જો બાળકો વૃક્ષોને દતક લઈ તેની જાળવણી કરવી જોઈએ. આ તકે અગ્રણીશ્રી પાલાભાઈ કરમુર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. તેમજ મદદનીશ વન સંરક્ષક કે.કે. પિંડારિયા દ્વારા સ્વાગત પ્રવચન તેમજ ઈન્ચાર્જ આર. એફ. ઓ. પાયલ જોષી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. શિવ મંદિર ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર વન વિભાગના કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ તકે ખંભાળિયા તાલુકા પંચાયત પ્રમુખ રામદેભાઈ કરમુર, સરપંચ, અગ્રણી સાજણભાઈ રાવલિયા, ખીમભાઈ ગોજીયા, ગોવિંદભાઈ કનારા, હમીરભાઈ કનારા, ચેતનભાઈ રાઠોડ, જીતુભાઈ જોષી, ઈન્ચાર્જ મામલતદાર બાબરીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી ચુડાસમા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ભાઈ બહેનના પવિત્ર પ્રેમના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી અંગે સ્પષ્ટતા

ડાકોર તા.૨૮

ભારતીય પંચાંગ અનુસાર આપણે દરેક પર્વની ઉજવણી કરતા હોઈએ છીએ. આ વર્ષે ભાઈ બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન તા.૩૦-૮-૨૦૨૩ને બુધવારે ઉજવવાની રહેશે. આ દિવસે સવારે ૧૦-૫૮ સુધી ચૌદસ છે ત્યારબાદ પૂર્ણિમા છે જે તા.૩૧ ઓગસ્ટ સવારે ૭-૦૬ સુધી છે પણ તા.૩૦-૮ ના રક્ષાબંધનના દિવસે રાત્રે ૯-૦૨ સુધી ભદ્રાદોષ હોવાથી રાખડી બાંધી શકાય નહિ તેવી ચર્ચા વિપ્ર બંધુઓના મતમતાંતર દરેકના મુખે સાંભળવા મળે છે પરંતુ સુદ પક્ષમાં પૂર્ણિમાના દિવસે ભદ્રા હોવાથી "વૃષ્ચીકી" નામની ભદ્રા ગણાય છે માટે " નિર્ણય સિંધુ" અને "ધર્મસિંધુ "ગ્રંથોના આધારે " વૃષ્ચીકી ભદ્રા " ની છેલ્લી ત્રણ ઘડી ( ૭૨ મિનિટ ) જ ત્યાગવાની હોય છે. ભાઈના દિવ્ય જીવનની કામના માટે, દીર્ઘાયુષ્ય, સુખી, સમૃધ્ધિની કામના માટે બહેન ભાઈના કાંડે રક્ષા બાંધે છે તે રાખડી તા.૩૦ ઓગસ્ટના દિવસે સવારે ૧૦-૫૮ કલાકથી સાંજના ૭-૫૦ કલાક સુધી રાખડી બાંધી શકાશે. તા.૩૦ના રોજ જ રક્ષાબંધન ઉજવવી બ્રાહ્મણોએ સવારે ૧૦-૫૮ કલાક પછી જ વિધિ વત યજ્ઞોપવિત બદલવાની છે. ડાકોરમાં પુનમ દર્શનાર્થી તા.૩૦, તા.૩૧ કોઈપણ દીવસ દર્શન માટે આવી શકે છે. બન્ને દિવસ પુનમ સંકલ્પ પુજા થશે દર્શન માટે આપ આપની રીતે આવી શકે છો.

- દેવેન વ્યાસ

# ખંભાળિયાના શરણેશ્વર મહાદેવના મંદિરે શિવ મહાપુરાણનો પ્રારંભ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયાની ઝવેરી બજારમાં આવેલા શ્રી શરણેશ્વર મહાદેવના મંદિર ખાતે આજરોજ શનિવારથી શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. આ સપ્તાહ દરમિયાન અનેકવિધ ધર્મમય કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. શિવ મહાપુરાણ માટે અહીંના જાણીતા વકતા શ્રી પ્રવીણબાપુ (બજાણા વાળા)ની સુમધુર શૈલીમાં યોજવામાં આવેલી આ કથાની પૂર્ણાહુતિ આગામી રવિવાર તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ થશે. પવિત્ર શ્રાવણ માસના યોજવામાં આવેલા આ ધર્મોત્સવમાં દરરોજ બપોરે સવા ત્રણથી સાંજે સાડા છ વાગ્યા સુધી શિવકથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર શિવ ભક્ત પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### કેવી રીતે ભણશે ગુજરાત ?

# રાજ્યમાં પ્રાથમિક શાળામાં ૧૦ હજાર શિક્ષકોની ઘટ

અમદાવાદ, તા.૨૮



એક તરફ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓને અદ્યતન સુવિધા વાળી અને સ્માર્ટ શાળાઓ બનાવવામાં આવી રહી છે. શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ આવી શાળાઓમાં જેમને જ્ઞાન પીરસવાનું છે એ શિક્ષકોની જ જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની ઘટ છે જે પુરી કરવા માટે મુખ્યમંત્રી સુધી રજૂઆત પહોંચી છે. આ મામલે રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘએ મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં ધોરણ ૧થી ૫ શિક્ષકોની ઘટ વધારે છે. ન્યૂઝ ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી મનોજ પટેલએ જણાવ્યું છે કે, રાજ્યમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી છે. અમારે પત્ર લખવો પડ્યો છે કે રાજ્ય સરકારે હાલમાં ટેટ ૨ના આધારે શિક્ષકોની ભરતી કરી છે તો ટેટ-૧ના પણ ઘણા બધા ઉમેદવારો છે. પ્રાથમિક શાળામાં જે શિક્ષકોની ઘટ છે અને ધોરણ ૧થી ૫માં મોટી ઘટ છે તો ટેટ વનના ઉમેદવારોની ભરતી કરવામાં આવે તેવી અમારી રજૂઆત છે. ઘણા ઉમેદવારોએ અત્યારે ટેટ-૧ પાસ કરી છે તેવા ઉમેદવારો હાલ છે તેઓની ભરતી કરવામાં આવે તો તેઓને કામ મળે અને ધોરણ ૧થી ૫માં શિક્ષકોની ઘટ પણ ઓછી થાય તેવા ઉદેશ સાથે રજૂઆત કરી છે. હિન્દી માધ્યમમાં પણ ઘણા સમયથી શિક્ષકોની ઘટ છે. જો ટેટ-૧ના શિક્ષકોની ભરતી થાય તો તે હિન્દી માધ્યમમાં પણ શિક્ષકો મળી શકે તવી રજૂઆત છે આ મામલે અમે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરને પત્ર લખી રજૂઆત કરી છે. મહત્વનું છે કે, શાળાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ આવી શાળાઓમાં જેમને જ્ઞાન પીરસવાનું છે એ શિક્ષકોની જ જગ્યાઓ ખાલી જે રીતે શાળાઓને રંગરોગાન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ કરી સ્માર્ટ બનાવવામાં આવી રહી છે ત્યારે વિદ્યાર્થીઓના જીવનના ઘડતર માટે જેમનું મહત્વનું યોગદાન છે તેવા શિક્ષકો વગર આ સ્માર્ટ શાળાઓનું કોઈ મુલ્ય નથી રહેવાનું ત્યારે ઝડપથી શિક્ષકોને ભરતી કરવાની માંગ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ઉઠી છે.

# દ્વારકા જીલ્લામાં મચ્છર ઉત્પતિ સર્વેલન્સ અને નિયંત્રણની કામગીરી કરાઈ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

મેલેરિયા મુકત ગુજરાત અભિયાન અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાની તમામ આરોગ્ય સંસ્થાઓ અને શાળાઓમાં ઝુંબેશના ભાગરૂપે મચ્છર ઉત્પતિ સ્થાનોના સર્વેલન્સ અને નિયંત્રણની કામગીરી શરુ કરવામાં આવી છે. જેના ભાગરૂપે તા. શુક્રવારે આરોગ્ય વિભાગની ૩૩ ટીમો દ્વારા જુદી જુદી સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્યઅધિકારી ડો. એમ.એન. ભંડેરીના માર્ગદર્શન હેઠળ જેમાં પાણીના કુલ ૧૫૪ પાત્રોનું ચેકિંગ હાથ ધરવામાંઆવ્યું હતું. જેપૈકી એક સંસ્થામાં ચાર મચ્છર ઉત્પતિ સ્થાનો જોવા મળતા સંસ્થાને જરૂરી તકેદારી રાખવા તેમજ ભવિષ્યમાં આ સંસ્થાઓ ખાતે મચ્છર ઉત્પતિ સ્થાનો જોવા ના મળે તે માટે તાકીદ કરવામાં આવી હતી.

# ભાનગઢનો રહસ્યમય કિલ્લો, જ્યાં રાત્રે ગયા તો પાછા નહીં આવો

નવી દિલ્હી, તા.૨૮



ભારતમાં એવા ઘણા કિલ્લાઓ છે, જેનું સ્થાપત્ય અને સુંદરતા મનને મોહી લે છે. પરંતુ ભાનગઢનો કિલ્લો સૌથી ભૂતિયા સ્થળ તરીકે જાણીતો છે, જો કોઈ ભૂલથી પણ સૂર્યાસ્ત પછી આ કિલ્લામાં રોકાઈ જાય તો તે રાતની વાર્તા કહેવા માટે પાછો આવી શકશે નહીં. ભાનગઢ કિલ્લામાં ભૂતનો ડર એટલો છે કે સરકારે સૂર્યાસ્ત પછી અહીં રહેવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. રહસ્યમય હોવાને કારણે આ સ્થળ ઘણા લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. એડવેન્ચર સીકર્સ ચોક્કસપણે એકવાર આ સ્થળની મુલાકાત લેવાનું પસંદ કરે છે. વાર્તાઓ અનુસાર, આ કિલ્લો પેરાનોર્મલ પ્રવૃત્તિનું કેન્દ્ર છે. અહીં ભૂત-પ્રેત રાત્રીના સમયે ફરતા જોવા મળે છે. ચિત્તા જોરથી બૂમ પાડે છે. આ જ કારણ છે કે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે રાત્રે અહીં જવા પર પ્રતિબંધ મૂક્યો છે. સૂર્યાસ્ત પછી કિલ્લામાં પ્રવેશવું એ બહાદુરી નહીં મૂર્ખતાનું કાર્ય છે. કથાઓ અનુસાર ગુરુ બાલુ નાથ નામના સંત અહીં તપસ્યા કરતા હતા. જ્યારે સમ્રાટ માધો સિંહે કિલ્લો બંધાવ્યો ત્યારે સંતે આ શરતે મંજૂરી આપી કે મહેલનો પડછાયો તેમના પ્રાર્થના સ્થળ પર ન પડવો જોઈએ. જો તે પડી જશે, તો બધું નાશ પામશે. જ્યારે મહેલ પૂર્ણ થયો, ત્યારે સંતની પ્રાર્થના સ્થળ પર પડછાયો પડ્યો અને તે જ સમયે ભાનગઢનો નાશ થયો. એવું કહેવાય છે કે સંતના શ્રાપને કારણે આ કિલ્લો કાટમાળમાં ફેરવાઈ ગયો અને પછી તે સ્થાયી ન થઈ શક્યો. પરંતુ સંત બાલુનાથનું તપસ્થળ આજે પણ ખંડેર સ્વરૂપે ત્યાં હાજર છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તેઓએ એક મહિલાની ચીસો, બંગડીઓ તૂટવાનો અને રડવાનો અવાજ સાંભળ્યો છે. કિલ્લામાંથી વારંવાર આવા અવાજો આવતા રહે છે. વાર્તાઓ અનુસાર, આ કિલ્લો પેરાનોર્મલ પ્રવૃત્તિનું કેન્દ્ર છે, અહીં ભૂત-પ્રેત રાત્રીના સમયે ફરતા જોવા મળે છે દિવસ દરમિયાન અંદર ગયેલા ઘણા લોકોએ એમ પણ કહ્યું કે તેઓને એવું લાગે છે કે કો તેમનો પીછો કરે છે. કોઈ તેમને પાછળથી થપ્પડ મારી રહ્યું છે. આ જ કારણ છે કે સૂર્યાસ્ત પછી કિલ્લાના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. કોઈપણ વ્યક્તિને અંદર જવા પર પ્રતિબંધ છે. જોકે, વૈજ્ઞાનિકો આ વાત પર વિશ્વાસ કરતા નથી. તેમના મતે કિલ્લામાં આવું કંઈ જોવા મળતું નથી.

# ધોળાવીરાની વૈશ્વિક સ્તરે લેવાઈ નોંધ, વર્લ્ડ એટલાસની યાદીમાં સ્થાન મળ્યું

## આ યાદીમાં ગુજરાતનું ધોળાવીરા સહિત વિશ્વના અન્ય હેરિટેજ સ્થળોનો સમાવેશ થાય છે, યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો

અમદાવાદ,તા.૨૮





ભૂગોળની માહિતી આપતી જાણીતી વેબસાઈટ વર્લ્ડએટલેસે તાજેતરમાં જ અજાયબીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે.આ યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ભૂગોળની માહિતી આપતી જાણીતી વેબસાઈટ વર્લ્ડએટલેસે તાજેતરમાં જ અજાયબીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે.આ યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ યાદીમાં ગુજરાતનું ધોળાવીરા સહિત વિશ્વના અન્ય હેરિટેજ સ્થળોનો સમાવેશ થાય છે. જેમાં પાકિસ્તાનું મોહેંજો-દરો, ચીનની જાણીતી દિવાલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ્રીસમાં આવેલુ ડાયોનિસસનું થિયેટરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ મેક્સિકોમાં આવેલુ ઓલ્મેક કોલોસલ હેડ્‌સનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈંગ્લેન્ડમાં આવેલુ સ્ટોનહેંજનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.ગુજરાતમાં ધોળાવીરા સિવાય પણ અન્ય હેરિટેજ સ્થળો આવેલા છે. આ સ્થળોમાં અમદાવાદ શહેરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.જ્યારે પાટણમાં આવેલી રાણકી વાવને પણ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ચાંપાનેર અને પાવાગઢને પણ હેરિટેજ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### અડવા માત્રથી જ થાય છે મોત

# સ્ટોન ફિશના નામની દુનિયાની સૌથી ઝેરી માછલી

નવી દિલ્હી, તા.૨૮



દુનિયામાં ઘણા સી ફૂડલવર્સ છે. આ લોકો દરિયાઈ જીવો ખાવાના ખૂબજ શોખીન હોયછે. સી ફૂડમાં માછલીઓ, કરચલાં વગેરેનો સમાવેશ થાય છે. માછલીઓની પણ ઘણી જાતો છે. દરેક વ્યકિત પોતાના સ્વાદ પ્રમાણે માછલી ખાવાનું પસંદ કરે છે. કોઈને રેહુ ગમે છે તો કોઈને કટલા ગમે છે. પરંતુ શું તમે જાણો છો કે એવી માછલી પણ દરિયાની દુનિયામાં જોવા મળે છે જે ખૂબ જ ઝેરીલી હોય છે. આ માછલીને અડવા માત્રાથી જ માણસ મરી શકે છે. અમે વાત કરી રહ્યા છીએ દુનિયાની સૌથી ઝેરી માછલી વિશે જેનું નામ સ્ટોન ફિશ છે. આ માછલીને તેના દેખાવના કારણે આ નામ મળ્યું છે. તેનો આકાર પથ્થર જેવો હોય છે. જો તેને સ્પર્શ કરવામાં આવે તો વ્યક્તિ મરી શકે છે. તેમની આ વિશેષતાના કારણે તે પોતાના દુશ્મનોથી સુરક્ષિત રહે છે. આવી સ્થિતિમાં માછીમારોને સલાહ આપવામાં આવે છે કે જો તેઓ આ માછલીને જુએ તો તરત જ તેનાથી દૂર રહેવું અને સાવચેત રહેવું જોઈએ. વિશ્વની સૌથી ખતરનાક સ્ટોન ફિશ દરેક જગ્યાએ જોવા મળતી નથી. તે મોટાભાગે મકર રેખાના ઉષ્ણકટિબંધની નજીકના સમુદ્રમાં જોવા મળે છે. તે દષ્ટિમાં પથ્થર જેવી લાગે છે. આ કારણોસર લોકો તેને સરળતાથી જોઈ શકતા નથી અને તેનો શિકાર બની જાય છે. કોઈ જીવ તેના સંપર્કમાં આવતાં જ તેના શરીરમાંથી નીકળતા ઝેરના અસરથી મૃત્યુ પામે છે. જ્યારે કોઈ પણ જીવ તેના પર પગ મૂકે છે ત્યારે સ્ટોન ફિશના શરીરમાંથી ન્યુરોટોક્સિન નામનું ઝેર નીકળે છે. જેના કારણે લોકોના મોત થાય છે. નિષ્ણાતોના મતે જો આ માછલીના ઝેરની ઝપેટમાં વ્યક્તિના શરીરનો કોઈ ભાગ આવી ગયો હોય તો તેને બચાવવાનો એક જ રસ્તો છે. જે ભાગ આ ઝેરના સંપર્કમાં આવ્યો છે તેને કાપી નાખવો પડે છે. તેને વિશ્વની સૌથી ખતરનાક માછલી કહેવા પાછળ બીજું કારણ પણ જવાબદાર છે. તે ખૂબ જ ઝડપથી ઝેર છોડે છે. તેને સ્પર્શ કર્યાની માત્ર ૦.૫ સેકન્ડની અંદર તે ઝેર છોડે છે. તેમજ જો આ માછલીના ઝેરનું એક ટીપું પણ શહેરના પીવાના પાણીમાં ભળી જાય તો આખા શહેરના લોકો મરી શકે છે.

